ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મનપાની વેબસાઈટ બીજીવાર હેક કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ આજે ત્રણ મહિના બાદ પુનઃ હેક કરવામાં આવતાં તંત્ર દોડતુ થઈ ગયુ હતુ. જો કે ગણતરીના કલાકોમાં જ પુનઃ વેબસાઈટને રી-ઈન્સ્ટોલ કરી મનપાની આઈટી ટીમે રાહત અનુભવી હતી.

અગાઉ ૨૮મી નવેમ્બરના રોજ તુર્કી હેકર્સ દ્વારા મનપાની વેબસાઈટ હેક કરી લેવામાં આવતાં અંતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરાઈ હતી.

મનપા એક તરફ શહેરમાં સ્માર્ટસીટી અંતર્ગત સ્માર્ટ વિકાસના અનેક પ્રોજેક્ટ પર કામ કરી રહેલ છે. પરંતુ સ્માર્ટસીટીની હરણફાળ ભરી રહેલુ સ્માર્ટસીટી પોતાની ઓફિસીયલ વેબસાઈટને જ સ્માર્ટ કરી સિક્યોર કરવામાં સક્ષમ નહી હોવાની વધુ એક હકીકત બહાર આવી છે.

મળતી વિગતો પ્રમાણે સવારે નવ વાગ્યાની આસપાસ વેબસાઈટ હેકર્સ દ્વારા હેક કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં મનપાના ઉચ્ચ અધિકારીઓએ મનપાની આઈ.ટી. ટીમને કામે લગાડી દીધી હતી અને ગણતરીના કલાકોમાં જ વેબસાઈટને પુનઃ રિ-ઈન્સ્ટોલ કરવામાં સફળતા મળી હતી.

મનપાની વેબસાઈટ બીજીવાર પણ તુર્કીના હેકર્સ દ્વારા જ હેક કરવામાં આવી હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

## બ્લાસ્ટ કેસના આરોપીઓને ૧૮મીએ સજા સંભળાવશે

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ ૨૦૦૮ બ્લાસ્ટના દોષિતોને ૧૮ તારીખે સજાનું એલાન કરવામાં આવશે. કોર્ટ ૧૮ ફેબ્રુઆરીએ દોષિતોને સજા સંભળાવશે. વર્ષ ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટ કેસમાં દોષિતોને સજાના મુદે તમામ પક્ષે સુનાવણી પૂર્ણ થઈ છે. પ્રોસીક્યુશન તરફથી દોષિતોને ફાંસીની સજાની માંગણી કરાઈ છે. જયારે બચાવ પક્ષ તરફથી લઘુત્તમ સજાની માગણી કરાઈ છે..૧૮ ફેબ્રુઆરીના રોજ વિશેષ અદાલત સજાનું એલાન કરશે.

મહત્વનું છે કે આ કેસમાં ૭૭ આરોપીઓ હતા. જેમાંથી ૨૮ને કોર્ટે નિર્દોષ છોડ્યા છે. જ્યારે બ્લાસ્ટ કેસમાં હજુ ૮ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે.

## ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર અને સેકટરોની લગ્નવાડી હવે મનપાને સોંપી દેવાશે

**છેલ્લા દોઢ દાયકાથી ઓપન એર થિયેટર બિન ઉપયોગી હાલતમાં : થિયેટરની જાળવણી કરવાનુ પણ મુશ્કેલ : સેકટરની બાકી લગ્નવાડી પણ કાર્પોરેશનને સોપી દેવા માટેનુ આયોજન**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરના નિર્માણ બાદ દોઢ દાયકાના અંતે પણ તેના ઉપયોગ માટે નાગરિકો નિરસતા સેવી રહ્યા છે. અલબત્ત ઓપન એર થિયેટરનો પ્રોજેકટ બિન ઉપયોગી પુરવાર થયો છે. અંદાજિત રૂ ૫૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલા થિયેટરને હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે. આ ઉપરાંત સેકટરોની લગ્નવાડીઓ પણ કોર્પોરેશનને આપી દેવા માટે ગતિવિધીઓ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં છેલ્લા દોઢ દાયકાથી નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરને હવે કોર્પોરેશનને સોંપી દેવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો પરંતુ વર્ષોના અંતે પણ ઓપન એર થિયેટર લોકઉપયોગી ન બન્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના લીધે શહેરના હાર્દ સમા વિસ્તારમાં કલાકારોને સ્ટેજ મળે તેવા આશયથી ઓપને એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ આ ઉપરાંત ઓપન એર થિયેટરમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન થઈ શકે તેમજ અન્ય સમારોહ પણ યોજવા માટે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ સમય જતા ઓપન એર થિયેટરના ઉપયોગ માટે નગરની સંસ્થાઓ અને કાર્યક્રમના આયોજકો પણ નિરસતા સેવતા લાંબા સમયના અંતે આ પ્રોજેકટ થકી તંત્રને પણ કોઈ આવક થઈ નથી ઉપરાંત ઓપન એર થિયેટરની જાળવણીનો ખર્ચ પણ માથે પડે તેવી સ્થિતિ છે. આ વિસ્તારમાં નજીકમાં જ ખાણી પીણી બજાર હોવાની સાથે શહેરની મધ્યમાં હોવાછતા કાર્યક્રમના આયોજન માટે થિયેટર નાગરિકોની પ્રથમ પસંદગી બની શક્યુ નથી. જયારે થિયેટર ભાડે આપવાના મામલે પણ અનેક રજુઆતના અંતે લગ્નસમારંભ માટે આપવામાં પણ છુટછાટ આપવા નિર્ણય લેવાયો હતો. પરંતુ સેકટરોમાં લગ્ન વાડીઓના રીનોવેશન સહીત રંગમંચોની પણ કાયાપલટ થતા નાગરિકો લગ્નસમારંભ માટે પણ તેનો જ ઉપયોગ કરવાનુ પસંદ કરતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં ઓપન એર થિયેટર છેલ્લા ઘણાં સમયથી ઉજજડ અને કંગાળ હાલતમાં હોવાનુ ધ્યાને

● અનુસંધાન પાન-૭ પર

## સે.૨૨માં જૈન સંઘના આંગણે મુખ્યમંત્રી અને જૈનાચાર્યનું મિલન યોજાયું

**જૈનાચાર્યએ પાંજરાપોળો માટે વધુ સબસિડી આપવા અંગે ભલામણ કરી : મુખ્યમંત્રીએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો**



ગાંધીનગર તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે સાંજે પોણા સાતના સુમારે શ્વેતાંબર જૈન સંઘના આંગણે આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જૈનાચાર્ય પૂ.ઉદયવલ્લભસૂરિ અને પૂ.હૃદયવલ્લભસૂરિએ રાજ્યની પાંજરાપોળો માટે વધુ સબસિડી આપવા અંગે ભલામણ કરી હતી.

મુખ્યમંત્રીની મુલાકાત દરમ્યાન મેયર હિતષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ, શહેર ભાજપ પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ, પૂર્વ મેયર રીટાબેન પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ, કોર્પોરેટર પદમસિંહ ચૌહાણ સહિત સ્થાનિક પૂર્વ કોર્પોરેટરો અને જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શહેરના જૈન સમાજ વતી મુખ્યમંત્રીનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી સાથે વાતચીત દરમ્યાન જૈનાચાર્ય પૂ.ઉદયવલ્લભસૂરિ અને પૂ.હૃદયવલ્લભસૂરિએ રજુઆત કરી હતી કે " કૃષિપ્રધાન અને ઋષિપ્રધાન ભારત દેશમાં આંતરિક સમૃદ્ધિ ઋષિઓ થકી અને ભૌતિક આબાદી કૃષિ થકી રહી છે જેથી ભારતની સમૃદ્ધિના મૂળમાં પશુધન છે. સરકાર હાલમાં રસ્તે રખડતા પશુઓની યોગ્ય સંભાળ કરવા અંગે અને તે માટે કદાચ પાંજરાપોળ સંસ્થાનો આમાં ઉપયોગ કરવાનું વિચારી રહી હોઈ તેવા અહેવાલ સંદર્ભે જૈનાચાર્ય પૂ.ઉદયવલ્લભસૂરિ મહારાજે જણાવ્યું હતું કે "આજે પાંજરાપોળ અંદાજે બે લાખ પશુઓને સાચવતી ન હોત તો તે બધા મોટા ભાગે રસ્તા પર જ રખડતા હોત. પાંજરાપોળો એ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં એક હજારથી નીચે કોરોનાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં કોરોનાથી મોટી રાહત મળી છે. છેલ્લા ઘણા સમય બાદ નવા કેસની સંખ્યા ૧ હજારની નીચે આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૯૯૮ કેસ નોંધાયા છે. તો આ દરમિયાન ૧૪ લોકોના મૃત્યુ થયા છે. કોરોનાની સારવાર દરમિયાન ૨૪૫૪ લોકો સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ જિલ્લામાં કેસ નોંધાયા છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં અત્યાર સુધી ૧૧૯૫૨૯૫ લોકો સાજા થયા છે. તો કોરોનાને લીધે રાજ્યમાં અત્યાર સુધી ૧૦૮૩૮ લોકોના મૃત્યુ થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૧૭હજાર ૩૨૮ થઈ ગઈ છે.

## શહેરમાં ધીમા પગલે ઉનાળાનો પ્રારંભ

**ધીમે ધીમે લઘુત્તમ તાપમાન વધી રહ્યુ છે : દિવસે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે**

ગાંધીનગર, તા. ૧૫

ફેબ્રુઆરી માસના મધ્યમાં ધીમે ધીમે તાપમાન ઉંચકાઈ રહ્યુ છે. જેના કારણે દિવસ દરમ્યાન ગમરીનો અહેસાસ થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ જ દિવસમાં લઘુત્તમ તાપમાન છ થી સાત ડીગ્રી જેટલુ ઉંચકાતા ઠંડી સાવ ઓછી થઈ ગઈ છે.

આ વર્ષે ગુજરાતમાં ખુબ જ ઠંડી પડી છે. તેમાંય ગાંધીનગર શહેરમાં તો છેલ્લા દાયકાની રેકોર્ડબ્રેક ઠંડી પડી છે. ડિસેમ્બર માસથી શરૂ થયેલો ઠંડીનો રાઉન્ડ છેક હજુ સુધી ચાલતો હતો. જો કે વસંતપંચમી બાદ ઠંડીમાં થોડીક રાહત મળી છે. ધીમે ધીમે તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે. લઘુત્તમ અને મહત્તમ બંને તાપમાન વધી રહ્યા છે. સુસવાટા મારતા ઠંડા પવનો બંધ થઈ ગયા છે. છેલ્લા ત્રણ-ચાર દિવસમાં ઠંડીમાં ખુબ રાહત મળી છે. ઠંડીમાં રાહત મળતા જ વસાહતીઓએ ગરમ વસ્ત્રો પહેરવાનું બંધ કરી દીધુ છે. ખાસ કરીને દિવસ દરમ્યાન ગરમ વસ્ત્રો પહેરવામાંથી મુક્તિ મળી છે. સાંજે હજુ થોડીક ઠંડક અનુભવાય છે. છેલ્લા ત્રણ દિવસની વાત કરીએ તો ત્રણ જ દિવસમાં લઘુત્તમ તાપમાન છ ડિગ્રી જેટલુ ઉંચકાયુ છે. ૧૩મી ફેબ્રુઆરીના રોજ લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. હતુ જે ૧૪મી ફેબ્રુઆરીના રોજ વધીને ૧૨.૩ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે આજે તે પુનઃ બે ડિગ્રી જેટલુ વધીને ૧૪.૩ ડિ.સે. નોંધાયુ છે. જોકે મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ વધારો-ઘટાડો થયો નથી.

હવામાન વિભાગે જણાવ્યુ છે કે હવે ધીમે ધીમે ગરમી વધશે તે સાથે જ ઠંડી વિદાય લઈ લેશે. આગામી એકાદ-બે દિવસમાં જ પવનની દિસા બદલાતા ગરમી વધશે. તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી જેટલો વધારો થઈ શકે છે.

## ગાંધીનગર ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં વિલંબ

**હાલ ૮૪ ડિઝલ બસોનુ સંચાલન : ગાંધીનગર શહેરી બસ સેવા અન્વયે ૮૪ બસો દોડે છે : મોટાભાગની બસો વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન નવી ફાળવવામાં આવી છે : જુની ૨૦ બસો સ્ક્રેપ કરી દેવામાં આવી હતી : નવી ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવે તો વધારાના રૂટોનુ સંચાલન કરવામાં સરળતા રહે**

ગાંધીનગર તા ૧૫

સલામત સવારી એસ ટી અમારીના સ્લોગન સાથે માર્ગ પર દોડતી એસ ટી બસોમાં હવે બ્રેક ડાઉનની ફરિયાદો ઘટી છે. જો કે ગાંધીનગર ડેપોને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તબક્કાવાર નવી ડીઝલ બસો ફાળવવામાં આવી છે. હાલ ડેપો હસ્તક ૮૪ બસો છે જયારે નવી ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. અગાઉ નવી ડિઝલ બસો ફાળવવામાં આવી હતી તે દરમિયાન જુની અને ખખડધજ ૨૦ બસો સ્ક્રેપ કરવામાં આવી હતી. જયારે હવે નવી બસો મળે તો અન્ય જરૂરી વધારાના રૂટમાં પણ બસોનુ સંચાલન વધુ સરળ બને તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલની સ્થિતિએ શહેરી બસ સેવાના સંચાલન માટે ૮૪ જેટલી બસો દોડે છે. એસ ટી ની આ સલામત સવારી અન્વયે મોટાભાગની બસો બી એસ ફોર તેમજ બી એસ સિક્સ એન્જિનની છે. જયારે વર્ષ ૨૦૧૭ થી ૨૦ દરમિયાન એસ ટી ડેપોને નવી ડીઝલ બસો ફાળવવામાં આવી હતી. અગાઉ એસ ટી માં સી અને જી બસો પણ દોડતી હતી જયારે સમય જતા બ્રેક ડાઉન સર્વિસની ફરિયાદો વધતા મુસાફરો પણ અધવચ્ચે અટવાતા હતા. જો કે છેલ્લા ઘણાં સમયથી એસ ટી ની સલામત સવારીને અનુલક્ષી બ્રેક ડાઉન સર્વિસનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી બસો પૈકી મોટાભાગની બસો સલામત હાલતમાં છે. જેના લીધે રીપેરીંગ પણ ઓછુ આવે છે. જો કે હાલ છેલ્લા ઘણાં સમયથી એસ ટી ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવાની વાતનો અમલ થયો નથી. ગાંધીનગર ડેપોને પ્રથમ તબક્કામાં ૧૦ થી વધુ ઈલેકટ્રીક બસો ફાળવવાનુ આયોજન કરાયુ છે. જયારે આગામી એકાદ મહીનામાં આ મુજબ નવી બસો ફાળવવામાં આવશે. અગાઉ એસ ટી બસના લીધે પ્રદુષણની માત્રા વધતી હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ ધુમાડા ઓકતી બસોના લીધે વાતાવરણમાં પ્રદુષણની માત્રા વધી હતી જયારે આ સ્થિતિ વચ્ચે કીલોમીટર પુરા થઈ ગયેલી બસોને તબકકાવાર બદલી નાંખવામાં આવી છે. જેના લીધે હાલ એસ ટી ડેપોમાં છેલ્લા પાંચ વર્ષમાં સમયાંતરે નવી બસો ફાળવવામાં આવી છે. જેના લીધે એસ ટી ની સલામત સવારી ખોટવાતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૧૫ કેસ નોંધાયા

**દહેગામ-માણસામાં બે-બે કેસ ગાંધીનગરમાં ૭ કેસ અને કલોલમાં ૪ કેસ નોંધાયા : ૨૩૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૪૨૦૦ની નજીક સરકી રહી છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધઘટથી તંત્ર ચિંતામાં જરૂર છે પણ સંક્રમણ ઘટતાં થોડીક રાહત પણ અનુભવી રહેલુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બધાજ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર દહેગામમાં બે કેસ ગાંધીનગરમાં સાત કેસ તેમજ કલોલમાં ૪ કેસ અને માણસામાં બે કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી, ૧ સરકારી કર્મયોગી, એક તબીબ, એક વિદ્યાર્થી પણ સંક્રમિતોની યાદીમાં છે.

દહેગામ તાલુકામાં સિસોટીયા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં પ્રાંતિયા ગામેથી બે કેસ, દંતાલી ગામેથી બે કેસ, ઉપરાંત આદરજ, ચંદ્રાલા, વાસણા ગામમાંથી કેસ મળી આવેલ છે. દંતાલી ગામે એક મહિલા તબીબ સંક્રમિત થયા છે.

કલોલ તાલુકામાં જાસપુર ગામેથી બે કેસ ઉપરાંત કલોલ શહેર અને રાંચરડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના ધાનપુરા અને અમરાપુરમાંથી એક-એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં બે દિવસથી એક પણ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## શહેરમાં કોરોનાના નવા ૩૬ કેસ નોંધાયા

**સરગાસણમાં ૧૦, રાયસણ, કુડાસણમાં ૩-૩, વાવોલમાં ૨ કેસ, સે. ૭ માં ૪ કેસ તો સે. ૫ માં ૩ અને સે. ૨ માં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૩૬ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધઘટથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે તેમજ આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બે દિવસથી એક પણ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ નહિ કરાયા હોવાનું અને કોરોનાના માઈલ્ડ સિમ્ટમ્સ હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ દર્દી ૬૦ વર્ષ કે તેથી વધુ વયના છે. ૧૪ મહિલા દર્દી છે તો સે. ૨ માં ૧૦ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ છે.

ત્રીજી લ્હેરમાં મહિલાઓ વધુ સંક્રમિત થઈ રહી છે તેમજ છેલ્લા થોડા દિવસોથી વયસ્કો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ કોરોનાની ગાઈડલાઈન્સ અને હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૧૦, રાયસણ-કુડાસણમાં ૩-૩ કેસ તેમજ વાવોલમાં ૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત કોબા, પાલજ, ધોળાકુવા, ઈન્દ્રોડા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગરના સેકટરોમાં સે. ૭ માં ૪ કેસ, સે. ૫ માં ૩ કેસ તેમજ સે. ૨ માં ૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સે. ૬, ૪, ૨૯ અને સે. ૧ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૪૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જયારે ૨ હજારથી વધુ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

## મનપાના ટેક્ષ માળખામાં ફેરફાર કરી રાહત આપવા કોંગ્રેસની રજૂઆત

**૧૯મીએ મનપાની સામાન્ય સભા પર સૌની નજર, બજેટ અંગે મનપાની સામાન્ય સભા માટે દરખાસ્તો રજુ કરાઈ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભા ૧૯મી ફેબ્રુઆરીને શનિવારે બજેટ અંગે મળનાર છે જેમાં વિપક્ષ કોંગ્રેસ દ્વારા બજેટમાં બે સુધારા દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

કોંગ્રેસના અંકિત બારોટે આજે મનપાને તેમની બે સુધારા દરખાસ્તો આપી છે.

અંકિત બારોટ દ્વારા રજુ કરાયેલ એક સુધારા દરખાસ્તમાં નવા સમાવિષ્ટ વિસ્તાર માટેના ટેક્ષ માળખા માટે અમદાવાદે અપનાવેલી નીતિ દાખલ કરવા સૂચવ્યુ છે અને શહેરમાં નવા ભેળવવામાં આવેલ ૧૮ ગામ તેમજ ૧ નગરપાલિકા વિસ્તારના રહીશોને ટેક્ષ હોલીડે જેવા લાભ આપવા સૂચવ્યુ છે.

બારોટે તેમની દરખાસ્તમાં ૨૦૨૨-૨૩ માં આ વિસ્તારના રહીશો પાસેથી ૨૫ ટકા મિલ્કતવેરો ૨૦૨૩-૨૪ માં ૫૦ ટકા અને ૨૦૨૪-૨૫માં ૧૦૦ ટકા મિલ્કતવેરો વસુલવા જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે મિલ્કતોના સર્વેની કામગીરી ચાલુ છે અને આ રહીશો પ્રથમવાર મનપાનો ટેક્ષ ભરવા જઈ રહ્યા છે ત્યારે અમદાવાદ જેવી નીતિ અનુસરવા આગ્રહ કર્યો છે અને આ વિસ્તારોને સુવિધાઓ અને સગવડો ઉપલબ્ધ થયેથી ૧૦૦ ટકા વસુલાત કરવાની હિમાયત કરી છે.

બારોટે તેમની બીજી સુધારા દરખાસ્તમાં ૧૫૦ મીટરથી ઓછુ ક્ષેત્રફળ ધરાવતા મકાન વપરાશકર્તાઓને રિબેટ ૨૦ ટકા આપવામાં આવે તેમજ તેઓનો

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com